૭
૯

નવી બાબત ૨૦૧૮-૧૯
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.) (કોલેજ કક્ષા) રાજકોટનું વર્ટીકલ એક્સટેન્શનના મકાન બાંધકામ બાબત. રૂ.૧૬૭.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૫૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૧/૬/૨૦૦૬નો ઠરાવક્રમાંક: પવછ-૧૦૨૦૦૫-ન.બા.૧૩-અ.૧

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૮/૦૧/૨૦૧૮નો પત્રક્રમાંક:વિ.જા.ક./સ.છા./મ.બાં./ન.બા./૨૦૧૭-૧૮/૧૧

ઠ રા વ:

રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા.૨૧/૬/૨૦૦૬ ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) (કોલેજ કક્ષા) રૈયાધાર રાજકોટના મકાન બાંધકામની નવી બાબત મંજૂર કરવામાં આવેલ છે અને સદર છાત્રાલય હાલ સરકારી મકાનમાં કાર્યરત છે. આ છાત્રાલયની માન્ય સંખ્યા ૭૫ છે. આ બિલ્ડીંગમાં છાત્રોને રહેવા માટે ૯ રૂમ તેમજ ૧ રૂમ કચેરી કામગીરી માટે રાખેલ છે. આ છાત્રાલયના ૦૯ રૂમમાં ૭૫ વિદ્યાર્થીઓને રહેવામાં સંકડાશ પડતી હોઇ તેમજ જો વિદ્યાર્થીઓને પલંગ આપવામાં આવે તો ૭૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેમ ન હોઇ, ૭૫ છાત્રોના સમાવેશ માટે આ છાત્રાલયના બિલ્ડીંગ પર વર્ટીકલ એકસટેન્શન (બાંધકામ) કરવા અંગે વંચાણે લીધેલ ક્રમ-૨ પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૮/૦૧/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય ( વિ.જા. ) રાજકોટના વર્ટીકલ એકસટેન્શન (બાંધકામ) માટે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ તરફથી મળેલ પ્રવર્તમાન S.O.R. મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબ રૂ.૧૬૭.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા

મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૨/૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ